રાજય તેમજ કેન્દ્ર સરકારની વિવિધ વ્યક્તિલક્ષી લાભાર્થી યોજનાઓ અને કાર્યક્રમોના લાભાર્થીઓને આધાર એનેબલ્ડ " ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર " ના લાભ સરળતાથી મળી રહે તે માટે યોજનાના અરજી ફોર્મમાં જરૂરી વિગતો ઉમેરવા બાબત.

ટેકનિકલ શિક્ષણ સંચાલનાલય
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
પત્ર મળ્યાની તારીખ
19 MAY 2016
જેને મોકલ્યો તે શાખા
શાખાનું નામ ...... ક્રમાંક 2045

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)
પરિપત્ર ક્રમાંક : યુઆઇડી/૧૦૨૦૧૬/૬૮૭/સ-યુઆઇડીએલ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૯/૫/૨૦૧૬.

પરિપત્ર : -

ભારત સરકારના તા. ૨૬/૩/૨૦૧૬ના ગેઝેટમાં પ્રસિધ્ધ કરાયેલ " ધ આધાર (ટાર્ગેટેડ ડીલીવરી ઓફ ફાઈનાન્સીયલ એન્ડ અધર સબસીડીઝ બેનીફીટ્સ એન્ડ સર્વિસીસ) એક્ટ ૨૦૧૬ " ની વિવિધ જોગવાઇઓ અંતર્ગત રાજય તેમજ કેન્દ્ર સરકારની વિવિધ વ્યક્તિલક્ષી લાભાર્થી યોજનાઓ અને કાર્યક્રમોના લાભાર્થીઓને આધાર એનેબલ્ડ " ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર " ના લાભ સરળતાથી મળી રહે તે માટે લાભાર્થીનો આધાર નંબર અને અન્ય વિગતો જરૂરી છે.

૨. પ્રસ્તુત બાબતમાં તા.૧૩/૪/૨૦૧૬ના રોજ મળેલ સચિવશ્રીઓની બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર આ હેતુ માટે રાજય તેમજ કેન્દ્ર સરકારની વિવિધ વ્યક્તિલક્ષી લાભાર્થી યોજનાઓ અને કાર્યક્રમોના લાભાર્થીઓના અરજી ફોર્મમાં નીચેની વિગતો ઉમેરવાની રહે છે : -

૧. આધાર નંબર
૨. બેંક એકાઉન્ટ નંબર
૩. મોબાઇલ નંબર
૪. ઇ-મેઇલ આઇડી

૩. વ્યક્તિલક્ષી લાભાર્થી યોજનાઓ અને કાર્યક્રમોના લાભાર્થીઓને આધાર એનેબલ્ડ " ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર " ના લાભ સરળતાથી મળી રહે તે માટે લાભાર્થીઓના અરજી ફોર્મમાં ઉપરની વિગતોનો સમાવેશ કરવા સર્વે વિભાગોને આથી સુચના આપવામાં આવે છે. જો લાભાર્થીએ પોતાના બેંક એકાઉન્ટ સાથે આધાર લીંક કરેલ હોય તો તે બેંક એકાઉન્ટની વિગત અરજીમાં દર્શાવવાની રહેશે. સર્વે વહીવટી વિભાગોએ તેમના નિયંત્રણ હેઠળના સબંધિત ખાતાના વડાઓની કચેરીઓ,

(પાછળ...)

OSD MMSY Cell

બોર્ડ/કોર્પોરેશનો, સોસાયટીઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનોને આ સૂચનાનો અમલ કરવા જણાવવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ. ડી. પટેલ )
સંયુકત સચિવ(વહીવટ) અને
સ્ટેટ નોડલ અધિકારી (યુઆઇડી)
સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી (આયોજન) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી (અ.ના.પુ.વિ અને ગ્રા.બા.વિ)ના રહસ્ય સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગોના સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ/અધિક મુખ્ય સચિવશ્રીઓ સચિવાલયના સર્વે વિભાગો / સર્વે વિભાગોના નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ (વહીવટી વિભાગો મારફત)

ક્રમાંક: સીટીઈ/પરિપત્ર/૨૦૧૬/ધ-૧૪/ ૧૩૬૩૦
ટેકનીકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક ન.૨,
બીજે માળ, ગાંધીનગર. તા:
24 MAY 2016

નકલ રવાના:
(૧) વડી કચેરીની શાખા-ક (MYSY) તરફ જાણ તેમજ ઉપરોકત પરિપત્રમાં જણાવેલ સુચનાનો અમલ કરવા વિનંતી.
(૨) આ ખાતા હેઠળની તમામ સરકારી તેમજ અનુદાન મેળવતી સંસ્થાઓના આચાર્યશ્રીઓને તરફ જાણ તેમજ ઉપરોકત સામાન્ય વહીવટ વિભાગના તા.૯/૦૫/૨૦૧૬ ના પરિપત્ર અન્વયે પરિપત્રમાં જણાવેલ સુચનાનો અમલ કરવા વિનંતી.

વહીવટી અધિકારી
ટેકનીકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી